સત્યમું

નં.નાનિઅજાક/પ્રિ.-પો.મે.શિ./૨૨-૨૩/૫૨૭૬
નાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણની કચેરી,
તા.જિ.ભરૂચ તા.૨૦/૦૬/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
..........................................
..........................................
..........................................

શ્રી. ના. ઉ. ગુ. યુનિ. સુરત.
આવક નં....10310......
તારીખ. 8-7-22

વિષય:- વર્ષ:૨૦૨૨-૨૩ની અનુ.જાતિના વિદ્યાર્થીઓ માટેની કેંદ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રીક / પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અમલ બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર ખાતા હસ્તકની નીચે મુજબની કેંદ્ર પુરસ્કૃત યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત (https://www.digitalgujarat.gov.in) કરવામાં આવે છે.

1. Post Matric Scholarship for SC Students (GOI) (BCK-6.1) (With FreeshipCard & Without FreeshipCard Both)
2. Pre Matric Scholarship for SC Students (Std: 9 & 10) (BCK-35)
3. Pre. Matric Scholarship to the children whose parents are engaged in occupations involving Cleaning and Prone to Health Hazards (BCK-4)

ઉપર મુજબની યોજનાઓ અંતર્ગત વર્ષ: ૨૦૨૨-૨૩થી કેંન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મળેલ સૂચના મુજબ વિદ્યાર્થીઓનું National Scholarship Portal (NSP) (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે. જે વિદ્યાર્થીએ NSP પોર્ટલ (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર સ્કોલરશીપ યોજનામાં શિષ્યવૃત્તિ લઇ શકશે. National Scholarship Portal પોર્ટલ પર વર્ષ:૨૦૨૨-૨૩નુ રજીસ્ટ્રેશન શરૂ થઇ ગયેલ છે.

ઉક્ત યોજનાઓ પૈકી ક્રમનં:૧ પરની યોજના અંતર્ગત National Scholarship Portal પર વિદ્યાર્થીઓએ જાતે જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે જ્યારે ક્રમનં:૨ તથા ક્રમનં:૩ પરની યોજનાઓની તમામ કામગીરી શાળાના આચાર્યશ્રી મારફત કરવામાં આવતી હોય તે યોજના અંતર્ગત National Scholarship Portal પર પાત્રતા ધરવતા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન જે તે શાળાના આચાર્યશ્રીએ કરવાનું રહેશે.

- National Scholarship Portal (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરવાની પધ્ધતિ:.

→ કેંદ્ર સરકારશ્રીની શિષ્યવૃત્તિ યોજનાની વેબસાઇટ: https://scholarships.gov.in ઓપન કરી "New Registration" પર કલીક કરવું.

→ "New Registration" ક્લીક કર્યાબાદ "Register for Pre-Matric Scholarship and Post Matric Scholarship Scheme for SC Students for AY 2022-23" પર ક્લીક કરવુ.

→ ત્યારબાદ જરૂરી તમામ સૂચનાઓ વાચી "Undertaking" આપી "Continue" બટન પર ક્લીક કરવુ.

→ ત્યારબાદ માંગવામાં આવેલ તમામ વિગતો સાવચેતીક પૂવર્ક ભરી "Register" બટન પર ક્લીક કરવાનું રહેશે.

→ ત્યારબાદ જે નંબર પોર્ટલ દ્વારા જનરેટ થાય છે તેને સાચવીને રાખવાનો રહેશે અને આ નંબર જ્યારે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિદ્યાર્થીઓના ઓનલાઇન ફોર્મ ભરવામાં આવે ત્યારે ઓનલાઇન નાખવાનો રહેશે. ઉક્ત યોજનાઓમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કેવી રીતે અરજી/દરખાસ્ત કરવાની છે તેની સમજ દર વર્ષે શાળા/કોલેજને જે પરીપત્ર મોકલવામાં આવે છે તેમાં અલગથી આપવામાં આવશે.

વર્ષ: ૨૦૨૨-૨૩થી ઉક્ત દર્શાવેલ ૩ યોજનાઓ અંતર્ગત જે વિદ્યાર્થીએ National Scholarship Portal પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અરજી/દરખાસ્ત કરી શકશે જેની સમજ આપની કક્ષાએથી શાળા/કોલેજનાં તમામ વિદ્યાર્થીઓને પણ આપવાની રહેશે. વધુમાં રાજ્યકક્ષાએથી સદરહું બાબતે જાહેરાત પણ આપવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ છે જેની જાણ થવા વિનંતી છે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ભરૂચ

બિડાણ: ઉપર મુજબ

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

(૨) કુલ સચિવશ્રી, દક્ષિણ ગુજરાત ,વીર નર્મદ યુનીવર્સિટી, જિ.સુરત

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ.ભરૂચ તરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

**:: પરીપત્ર ::**

ઈ.ચા. કુલસચિવ

**ક્રમાંક: અવસ/સ્કોલરશીપ/ ૫૪૫૨/૨૦૨૨**
**તા. ૨૬/૦૭/૨૦૨૨**

**પ્રતિ,**

**(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તરફ...**

**(૨) યુનિવર્સિટી પરીસર ખાતેના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ/ સ્વનિર્ભર અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરશ્રીઓ તરફ...**

**... જાણ તથા આ સાથે સામેલ અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની કેન્દ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રીક/ પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાના અમલ બાબતેનાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણની કચેરી, તા. જિ. ભરૂચના તા. ૨૦/૦૬/૨૦૨૨ના પત્રાંક: ન.નાનિઅજાક/પ્રિ.–પો.મે.શિ./૨૨–૨૩/૧૧૪૬ મુજબ કાર્યવાહી કરવાની આથી જાણ કરવામાં આવે છે.**

**નકલ રવાના:**

**પ્રતિ,**

**નાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણની કચેરી, તા. જિ. ભરૂચ ... તરફ જાણ સારૂ.**